

## 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માંથી 'આત્માની રુચિ' સંબંધિત પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીના વચનામૃત

(આત્મા માટે) રુચિની આવશ્યકતા જોઈએ. દરકાર હોવી જોઈએ. (વિકલ્પોથી) થાક લાગવો જોઈએ. તીવ્ર પ્યાસ લાગે તો શોધે જ. (૮૫)

***

પ્રશ્ન : રુચિ વધતાં વધતાં વસ્તુની મહિમા વધતી જાય છે અને સુગમતા પણ વધુ ભાસે છે?

ઉત્તર : રુચિ વધે છે, એવા (પર્યાયના) લક્ષમાં પણ પર્યાયમાં મહત્તા થાય છે, તેમા (પર્યાયમાં) હુંપણું દેખાય છે, તેથી ત્રિકાળીમાં જામી શકાતું નથી. તે તો વિકલ્પવાળી રુચિ છે. હું તો પરિણામ માત્રથી ભિન્ન છું એવા ત્રિકાળીનો અનુભવ આવવો તે જ અભેદની રુચિ છે. ૮૭.

***

પ્રશ્ન :- રુચિ કેમ થતી નથી?

ઉત્તર :- જરૂરિયાત દેખાય તો અંદરમાં આવ્યા વિના રહે જ નહિ. સાંભળે છે (તેમાં) પ્રસન્નતા આદિ થાય છે પરંતુ સુખની જરૂરત હોય તો અંદરમાં આવે. જરૂરત ન હોય તો ત્યાં (પ્રસન્નતા આદિમાં) જ ઠીક માને. લાભ છે, નુકસાન તો નથી ને! (એવો ભાવ રહી જાય છે.) (૧૧૭)

***

યથાર્થ રુચિ હોય તો કાળ લાગે જ નહિ. રાત-દિવસ, ખાતાં-પીતાં, સૂતાં તેની જ પાછળ પડે. (૨૩૯)

***

જેટલી ધગશ ઉગ્ર તેટલું કાર્ય જલદી થાય છે. (૩૧૧)

***

(સ્વરૂપની) એવી રુચિ થવી જોઈએ કે તેના વિના ક્ષણ પણ ચેન ન રહે. (૩૩૧)

***

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૪૮ : અંક–૨૯૦, વર્ષ–૨૪, ફેબ્રુઆરી–૨૦૨૨

## અષાઢ વદ ૧૨, શુક્રવાર, તા.૧૫-૦૭-૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા–૮૯, પ્રવચન–૩૫

૮૯. '**સમ્યગ્દષ્ટિનું શ્રેષ્ઠ કર્તવ્ય.**' વસ્તુ એવી જ છે. હીરાને કાંઈ કોથળામાં રાખે છે? આ બોરી.. બોરી હોય છે ને? ચોખાની બોરી. હીરા એમાં રાખે છે? બારદાનમાં હીરા રાખે છે? હીરા તો મોટી મખમલની ડબ્બીમાં રાખે. એમ સમ્યગ્દષ્ટિ જાય તો ઉત્તમ માતા-પિતા હોય ત્યાં જાય. ડબ્બી એવી હોય. એ સહજ પુણ્યનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? લલચાવવાની વાત નથી. એનું પુણ્ય પણ લોકોત્તર પુણ્ય છે. સમ્યગ્દર્શન પછી જન્મ લીધો. સમજાણું કાંઈ?

'શ્રીમદ્' એકવાર પત્રમાં લખે છે, આ દેહ પહેલા જો ન મળ્યો હોય તો હવે પછી આ દેહ મને નહિ મળે. આ દેહ નહિ મળે, બીજો આવો નવો દેહ મળશે કે પૂર્વે અનંતકાળમાં નહિ મળ્યો હોય. સમ્યક્‌ની ભૂમિકામાં જે વિકલ્પ આવ્યો અને પુણ્ય બંધાયું એવું અનંતકાળમાં નથી બંધાણું. સમજાણું કાંઈ? ઈ જાત જુદી છે, શરીરના રજકણની જાત જ જુદી થઈ જાય છે, ભગવાનને જેમ પરમ ઔદારિક થઈ જાય છે.

સમ્યગ્દષ્ટિ જ્ઞાની જાય ત્યાં અનંતકાળમાં એવા સમ્યક્‌ભાવમાં, ભૂમિકામાં એવું પુણ્ય એમણે કદી નહોતું બાંધ્યું. એ ભૂમિકામાં એવું પુણ્ય બાંધે છે કે એના ફળરૂપ એવું શરીર મળે (કે) નિરોગ, સુંદર આદિ બધું (હોય). એ વસ્તુનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? પુણ્ય-પાપની સ્થિતિ ઘટે છે. પાપનો રસ ઘટે છે, પુણ્યનો રસ વધે છે. શું (કહ્યું)? સમ્યગ્દષ્ટિને પુણ્યનો રસ વધે છે. પાપની સ્થિતિ ઘટે છે, પુણ્યની સ્થિતિ ભલે ઘટે, રસ ન ઘટે. રસ તો ચડતો જાય છે. જ્ઞાન જેમ વધતું જાય તેમ રસ તેનો ચડી જાય. પૂરું થઈ જાય તો છૂટી જાય છે. સમજાણું કાંઈ? એ શાસ્ત્રનું લખાણ છે. એ વસ્તુનું સ્વરૂપ છે એમ બતાવે છે.

**अप्प-सरुवहँ जो रमइ, छंडिवि सहु ववहारु।**
**सो समाइट्ठी हवइ, लहु पावइ भवपारु।।८९।।**


લો, ભારે, ભાઈ! '**જે સર્વ વ્યવહારને છોડીને...**' સર્વ વ્યવહારનો અર્થ ભગવાનની શ્રદ્ધા રાગાદિનો વિકલ્પ એ પણ વ્યવહાર છે. વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ તે વ્યવહાર છે. '**સર્વ વ્યવહારને છોડીને...**' આહાહા..!

મુમુક્ષુ :- વ્યવહારથી તો મુક્ત છે ને.

ઉત્તર :- મુક્ત જ છે. સમ્યક્‌માં સ્વભાવની એકતાબુદ્ધિ થઈ (તો) રાગથી મુક્ત છે. રાગ છે ખરો (પરંતુ) સ્વભાવમાં નથી, દૃષ્ટિમાં નથી, દૃષ્ટિના વિષયમાં નથી. એ (વ્યવહાર) તો પરવિષય થઈ ગયો. વ્યવહાર છે ખરો પણ જેમ પરદ્રવ્ય છે એમ જ્ઞાનીને વ્યવહાર પરદ્રવ્યરૂપ છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**સર્વ વ્યવહારને છોડીને પોતાના આત્માના સ્વરૂપમાં રમણતા કરે છે.**' ભગવાન આત્મા..! સમજાણું કાંઈ? પોતાનો શુદ્ધ પ્રભુ તરફનો અંતર ઝુકાવ

(છે), જ્યાં અનંતાઅનંત ગુણનો પિંડ પ્રભુ, અનંતાઅનંત ગુણ! ઓહોહો..! જે ત્રણકાળના સમય કરતાં અનંતાનંત ગુણ પડ્યા છે, એવો પ્રભુ ત્રણકાળનો કોળિયો કરી ગયો. ઓહોહો..! સમજાણું કાંઈ? એવા અનંતાઅનંત ગુણનો પિંડ આત્મા, તેના અનુભવથી.. સમજાણું? તે સમ્યગ્દષ્ટિ (તેમાં) રમણ કરે છે. અને **'શીઘ્ર જ સંસારથી પાર થઈ જાય છે.'** ઉદયને પાર કરી દે છે. પોતાની પૂર્ણ (વસ્તુ) પ્રાપ્ત કરીને ઉદયનો અભાવ કરી નાખે છે. સમજાણું કાંઈ?



**'જેને નિર્વાણ જ એક ગ્રહણ યોગ્ય પદ દેખાય છે,...'** પૂર્ણ શુદ્ધ જે ધ્યેયમાં છે તે જ ગ્રહણ યોગ્ય દેખાય છે. **'ચારે ગતિઓની સર્વ કર્મજનિત દશાઓને ત્યાગવા યોગ્ય સમજે છે, જે અનંત જ્ઞાન, દર્શન, સુખ, વીર્યની પ્રાપ્તિને પરમ લાભ સમજે છે.'** પોતાની શુદ્ધિની વૃદ્ધિને જ પરમ લાભ સમજે છે. આહાહા..! બહારમાં ચક્રવર્તીનું પદ મળ્યું તો લાભ થયો એમ સમકિતી નથી માનતા. પોતાના અનંત જ્ઞાન, દર્શન, આનંદ પડ્યા છે તેમાંથી શુદ્ધિની વૃદ્ધિ થાય તે જ મારો લાભ છે, તે જ મારો લાભ છે. લાભ સવાયા, તમારે લખે છે ને? વાણિયા લખે, લાભ સવાયા. એ લાભ શેના? ધૂળના-પૈસાના? હેં? 'મલૂકચંદભાઈ'! શું છે?

અહીં તો લાભ સવાયા. લાભ બમણા, લાભ તમણા, લાભ અનંતગુણા. આહાહા..! ભગવાનને ઘરે ક્યાં ખામી છે તો અનંતગુણું પ્રાપ્ત ન કરે? પૂર્ણાનંદ પ્રભુ છે. આહાહા..! પોતાના સ્વરૂપની જ્યાં નિઃશંક દૃષ્ટિ થઈ ગઈ (તો એ) મોક્ષના માર્ગે ચાલ્યો. અલ્પકાળમાં મોક્ષ (જાશે), સંસાર-ફંસાર છે જ નહિ. ભગવાનને પૂછવું ન પડે કે, મહારાજ! અમારે કેટલા ભવ છે? અરે..! ચાલ.. ચાલ! તને શંકા છે તો ભગવાન જાણે છે કે શંકા છે. તું નિઃશંક છો તો ભગવાન જાણે છે કે તું નિઃશંક છે. ભગવાન તને કરી દ્યે છે? સમજાણું કાંઈ? 'જે જે દેખી વીતરાગને, તે તે હોસી વીરા, અનહોની કબહૂ ન હોસી, કાહે હોત અધિરા' તારી દૃષ્ટિ સ્વભાવ ઉપર પડીને જો શુદ્ધિની વૃદ્ધિ થઈ (તો) ભગવાન એમ જોવે છે, ભગવાન એમ જોવે છે. સમજાણું કાંઈ? **'પરમ લાભ સમજે છે.'**

**'હું સર્વ સિદ્ધ સમાન શુદ્ધ છું.'** હું સર્વ શુદ્ધ. સર્વ શુદ્ધનો અર્થ થોડું શુદ્ધ એમ નહિ. હું વસ્તુ છું, તે તો સર્વ શુદ્ધ છે અને દૃષ્ટિનો વિષય દ્રવ્ય છે. એ દૃષ્ટિએ સર્વ શુદ્ધને જ સ્વીકારી છે. સમજાણું કાંઈ? સિદ્ધ સમ. 'સિદ્ધ સમાન સદા પદ મેરો' એ 'બનારસીદાસ'માં આવે છે. નહિ? 'ચેતન રૂપ અનૂપ અમૂરત સિદ્ધ સમાન સદા પદ મેરો' બસ! એટલી વાત. પછી મોહ મહાતમ એ તો અનાદિની વાત છે.

**'વ્યવહારદૃષ્ટિમાં કર્મનો સંયોગ છે તે ત્યાગવા યોગ્ય છે એમ સમજે છે, જે સંસારવાસમાં ક્ષણ માત્ર પણ રહેવા ઇચ્છતા નથી..'** આહાહા..! સમજાણું કાંઈ? એવો રોગ આવે.. શું કહે છે? આ પગમાં થઈ જાય છે ને? ઊલટી ને ઝાડા. કોલેરા! આહાહા..! એ ચાહે છે કે રોગ રહેજો? હેં? 'મલૂકચંદભાઈ'ને ખબર છે, બે છોકરાને મૂકીને.. તમે હતા? આ તો ઓલા બે છોકરા નહિ તમારે? માંડલમાંથી બે યુવાન ભાઈ. બધું

માણસ હતું, કોલેરા થઈ ગયા. મા–બાપ સાથે. જંગલમાં પાંચસો–છસો કેટલા માણસ સાથે હતા, પછી એને કોલેરા થઈ ગયા. છોકરા ચાલી શકે નહિ. સાથે માલ નહિ, મકાન નહિ, વાહન નહિ. બેયને જંગલમાં મૂકી દીધા. જંગલમાં મૂકીને એના મા–બાપ ચાલ્યા ગયા. ભાઈ! અમે શું કરીએ? અમે રહીએ તો અમે મરશું. અહીં કોઈ સાધન નથી. આસપાસ પચીસ–પચાસ ગાઉમાં કોઈ ગામ નહિ. આ તો સાથે કાફલો છે, જ્યાં જશો (ત્યાં આવશું). ચોખા અને દાળ સાથે રાખતા. થોડું ખાઈને પૂરું કરે. આ બે જુવાન માણસ, હોં! આહાહા..! એ મા–બાપ એને દેખતા જંગલમાં ચાલ્યા ગયા. કોલેરા થયેલો, ઉપાડે કોણ? ચલાવે કોણ? દે કોણ? રાખે કોણ? આહાહા..! એ જંગલમાં બે જુવાન એકલા. એમાં વારાફરતી મર્યા હશે. મડદું અને આ એકલો. આહાહા..! શું થાય? જગતની દશા નિરાધાર અશરણ (છે). શરણ તો અંદરમાં આત્મા છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા, પણ છે ને! ઈ મેં જોયું છે. આપણે જ્યારે છપ્પનિયાનો પ્લેગ હતો ને? પ્લેગ હતો. આ તો (સંવત) ૧૯૫૭ની સાલ. દીક્ષા પછી નહિ, આ તો સંસારમાં (હતા ત્યારની વાત છે). ૧૯૫૬ અને ૧૯૫૭ની સાલમાં પ્લેગ હતો, મોટો પ્લેગ. ઉનાળામાં અમને ખબર છે, અમે નાના છોકરાઓ, બાળક. ડેલો–દરવાજો (હોય ત્યાં) સાત–આઠ જણા મર્યા હોય, પડ્યા હોય. અને આ છપ્પનિયામાં જુઓને મર્યા નહિ? છપ્પનિયામાં દુકાળ (હતો), પ્લેગ નહિ, દુકાળ પડ્યો હતો. દુકાળ પડ્યો હતો ત્યારે દરવાજાની (બહાર) એક આમ, એક આમ. એક મરી ગયો હોય, એક જીવતો હોય, મરવાની તૈયારી હોય. આમ નજરે દેખ્યા છે. ૧૯૫૬માં દસ વર્ષની ઉંમર હતી. અને ૧૯૪૬માં જન્મ. અત્યારે નજરે તરે છે, હોં! એક રોતો હતો, એક મરતો હતો, મરી ગયેલો હતો. રાતે–જંગલમાં. આ તો બધું નજરે જોયું છે. બે ભાઈને રાખ્યા હશે. પહેલો–પછી મર્યા હશે ને? છપ્પનિયાના દુકાળની વાત છે, લ્યો! પેટ ખાલી,.. મરી ગયા. ઘઉંની ઘૂઘરી આપતા, દરબાર તરફથી ઘઉં.. ઘઉં.. આમ મૂઠો ભરીને આપતા. ખાય પછી પાણી પીવે ને મરતા. બહુ વધારે ખાતા. બધું જોયું હતું, હોં! દસ વર્ષની ઉંમરે જોયું હતું. આહાહા..! કોઈ શરણ (છે)? ભાઈ પડ્યો હોય, મરતો હોય તો (કહે), ભાઈ..! ઓલો પણ મરવા પડ્યો હોય. કરવું શું? કરે કોણ? આહાહા..! સમકિતી ક્ષણવાર પણ સંસારમાં રહેવા ઇચ્છતા નથી. સમજાણું કાંઈ? છે કે નહિ અંદર?

**‘જે જાણે છે કે નિર્વાણનો ઉપાય માત્ર એક પોતાના શુદ્ધ આત્માના શુદ્ધ સ્વભાવમાં લીનતા છે.’** ચારિત્રની પ્રતીત થઈ ગઈ છે. પોતાના સ્વરૂપમાં લીનતા કરવી તે ચારિત્ર છે અને તે ચારિત્ર વિના કદી મુક્તિનો બીજો કોઈ ઉપાય છે જ નહિ. સમજાણું કાંઈ? **‘તેનો નિશ્ચિતપણે અભ્યાસ ત્યારે જ બને જ્યારે સર્વ વ્યવહારનો ત્યાગ કરવામાં આવે,...’** જુઓ! સર્વ વ્યવહાર. મુનિપણામાં જે પંચ મહાવ્રતાદિનો વિકલ્પ છે તે વ્યવહારને પણ છોડીને અંદરમાં ધ્યાન કરે ત્યારે ચારિત્ર અને રમણતા થાય છે.

મુમુક્ષુ :– અહીં તો વેપાર ધંધો લીધો છે.

ઉત્તર :– આ બધો વ્યવહાર, એણે ભલે લીધું હોય. આ વસ્તુ છે. અહીં તો સર્વ વ્યવહારની વાત છે. અહીં તો સર્વ વ્યવહાર. વ્યવહાર શબ્દે રાગ. જેટલો અભેદ સ્વરૂપમાંથી ભેદ રાગ થાય છે તે બધાને વ્યવહાર કહે છે. ચાહે તો અશુભ હો, ચાહે શુભ હો. અરે..! ગુણ–ગુણીના ભેદનો વિકલ્પ પણ વ્યવહાર છે. અહીં તો સર્વ વ્યવહાર, એવો પાઠ છે. આચાર્યના હૃદયમાં એકલા સ્વભાવ સન્મુખ થઈને લીનતા કરવી તે જ જેની દૃષ્ટિ છે. સમજાણું કાંઈ? એવો સમ્યગ્દૃષ્ટિ પોતાના સ્વભાવ સન્મુખમાં વ્યવહાર છોડીને ધ્યાન કરે છે, અનુભવ કરે છે અને તેમાં રહેવું તેને જ ઠીક માને છે. બહાર નીકળવું તે દુઃખ, દુઃખ.. રોગ, રોગ, રોગ જાણે છે. સમજાણું કાંઈ? આચાર્યનું હૃદય એ છે. **‘छंडिवि सहु ववहारु’** પોતાના નિજ સ્વરૂપની દૃષ્ટિ કરનાર પોતાના સ્વરૂપમાં રહેવા માટે વ્યવહારના વિકલ્પ છોડી દે છે. સમજાણું કાંઈ?

**‘તીર્થંકર સમાન યથાખ્યાતરૂપ નગ્ન**

**દિગંબરપદ ધારણ કરવામાં આવે, શાંતભાવમાં રહીને નિર્જન સ્થાનોમાં આત્માનો અનુભવ કરવામાં આવે. સાધુપદમાં એટલો જ વ્યવહાર રહી જાય છે...'** જુઓ! **'જેથી ભિક્ષાવૃત્તિ દ્વારા શરીરનું પાલન થાય અને જ્યારે ઉપયોગ આત્મિક ભાવમાં ન રહે ત્યારે શુદ્ધાત્માનું સ્મરણ કરાવનાર શાસ્ત્રોના મનનમાં અને ધર્મચર્ચામાં સ્તુતિ, વંદના, પાઠાદિ ભણવામાં ઉપયોગ લગાડવામાં આવે છે.'** એ શુભ છે, પણ એ શુભને પણ છોડીને શુદ્ધમાં જાય છે.

**'વ્યવહાર ધર્મધ્યાન અને ધર્મની પ્રભાવના કરવી એટલો વ્યવહાર રહે છે. આહાર, વિહાર અને વ્યવહારધર્મને પાળતા સાધુ આ વ્યવહારથી પણ ઉદાસ રહે છે.'** એમાં હોંશ નથી. હોંશ સમજ્યા? ઉત્સાહ નથી. રાગ છે ને, રાગ. ઉલ્લસિત વીર્ય સ્વભાવ સન્મુખ છે, ઉલ્લસિત વીર્ય સ્વભાવ સન્મુખ છે. જે મંદ રાગાદિ છે તેમાં તેનું વીર્ય ઉલ્લસિત નથી, ઉદાસ છે. એ તરફનો આદર નથી. બહુ સારું કર્યું, બહુ સારું થયું, બહુ સારું થયું એમ નથી.

**'આત્માના પુરુષાર્થની નબળાઈથી તેમાં વર્તે છે. જેમ જેમ આત્મધ્યાનની શક્તિ વધતી જાય છે તેમ તેમ આ વ્યવહાર પણ છૂટતો જાય છે. તો પણ સાધુપદમાં એટલી અધિક આત્મરમણતાનો અભ્યાસ થઈ જાય કે એક અંતર્મુહૂર્ત કરતાં વધારે સમય આત્માના અનુભવ વિના રહેતા નથી.'** 'સમાધિશતક'માં આવે છે ને? 'પૂજ્યપાદ સ્વામી'. '....' અતત્પર. વિકલ્પમાં તત્પરતા નથી. નબળાઈથી આવે, તત્પરતા નથી. ભગવાન આત્મા શુદ્ધ સ્વભાવ સન્મુખમાં તેની તલ્લીનતા વારંવાર ભાવના રહે છે. સમજાણું કાંઈ? પછી લે છે. **'વ્યવહાર ધર્મ અને ક્રિયાનું પાલન છઠ્ઠા ગુણસ્થાનમાં હોય છે. આહાર, વિહાર, નિંદ્રા... '** જુઓ! એ કાર્ય છઠ્ઠા ગુણસ્થાનમાં થાય છે, પ્રમાદભાવ છે ત્યારે (થાય છે). એ તો પ્રમાદભાવ છે. હેં?

મુમુક્ષુ :- એ તો 'કુંદકુંદાચાર્યદેવે' પાળ્યા હતા.

ઉત્તર :- પાળ્યા હતા ક્યાં, આવ્યા હતા. હોય છે, પાળે છે એની વાત કરે છે. 'કુંદકુંદાચાર્યદેવે' પણ પંચ મહાવ્રત પાળ્યા છે. તમે કહો છો કે, પંચ મહાવ્રત આસ્રવ છે. ભગવાન! આસ્રવ છે તો આવ્યા વિના રહેતો નથી એ બીજી વાત છે. પણ તેનો આદર છે? અંદરમાં તેને તે ચારિત્ર માને છે? પંચ મહાવ્રત તો આસ્રવમાં આવે છે. 'તત્ત્વાર્થ સૂત્ર'માં પંચ મહાવ્રત, અણુવ્રતને આસ્રવમાં લીધા છે.

મુમુક્ષુ :- 'ધવલ'ને આધારે સંવર છે.

ઉત્તર :- 'ધવલ'ને આધારે સંવર કર્યો જ નથી. 'ધવલ' બીજું કહે છે? એ 'જયધવલ'માં આવ્યું છે ને? પંડિતજી! એ શુદ્ધ અને શુભ વિના નિર્જરા થતી નથી, એવો પાઠ છે. પણ એ તો નિમિત્તનું કથન છે. શુદ્ધથી નિર્જરા છે ત્યાં શુભ નિમિત્તને નિર્જરામાં ગણી લીધું છે. જેમ નિમિત્તના કથનમાં બે મોક્ષમાર્ગ છે, પણ વાસ્તવિક મોક્ષમાર્ગ એક જ છે. એમ નિર્જરામાં બે ગણી લીધા છે, (બાકી) નિર્જરા એક જ છે. કથન બે પ્રકારના ચાલ્યા છે. આહાહા..! સમજાણું કાંઈ?

હવે આ પંડિત-બંડિત ભેગા થઈને... આ 'બંસીધરજી' મોટા પંડિત છે, બધાને ભેગા કરીને કાંઈક કરો. તમે મોટા પંડિત છો, તમારી ઘણી પ્રસિદ્ધિ છે. પોણોસો પંડિતોને એણે ભણાવ્યા છે. અરે..! ભગવાન! આવો વખત મળ્યો, એમાં શું ઝગડા કરવા? સત્ય છે તેનો સ્વીકાર કરો, ભાઈ! ઝગડા મૂકી દો. એ બિચારા કહે છે, હોં! 'સાગર'વાળા 'મુન્નાલાલ'. બે મિનિટનું કામ છે, આ શું ઝગડો ઉપાડ્યો છે? એક ફેરી પંડિતજીને કહ્યું હતું. છાપામાં આવ્યું હતું, હોં! નિશ્ચય, વ્યવહાર, ઉપાદાન, નિમિત્ત અને ક્રમબદ્ધ પાંચ બોલ છે, બે મિનિટનું કામ છે. આટલા આટલા પૈસા, હજારો પૈસા. 'જયપુર'ની મોટી ચર્ચા, એનું પુસ્તક છપાશે. દસ હજાર ઉપર તો પૈસા જોશે. એ તો ઓલા નહિ આપે, આ આપશે પૂનમચંદજી. અરે..! ભગવાન! એ ચીજ છે? અને એટલી ચર્ચા થઈ તો બહાર આવવામાં શું વાંધો છે? લોકો વાંચે ને, એમાં શું છે? પંડિતો વચ્ચે આટલી ચર્ચા થઈ એમાં મધ્યસ્થપણે પેલા હતા, આપણા મોટા પંડિત.. ચર્ચા

બહાર આવે તો વાંધો શું છે? ઓલા ના પાડે છે, નહિ. આ લોકો છાપે છે, ૧૫૨ પાના આવ્યા છે. કેટલા છે? ૧૫૨ પાના આવ્યા છે.

મુમુક્ષુ :– બધું ચાલ્યું છે.

ઉત્તર :– હા, બધું ચાલ્યું છે. બધું ચાલ્યું છે, શું? એ માટે તો વાત કરીએ છીએ. અહીંયાં આવી ગયું છે, ૧૫૨ પાના છપાઈને આવી ગયા છે. અત્યારે 'ફૂલચંદજી' કામમાં છે. 'લલિતપુર'માં મકાન બનાવે છે. રોકાઈ ગયા. અમે તો વાટ જોઈએ છીએ કે કેમ આવ્યું નહિ? ૧૫૨ પાના આવી ગયા. બહારમાં વાંચો, એમાં શું છે? બન્નેની દલીલોને સાંભળશે તેમાં વાંધો શું છે? અને મોટા પંડિત તો મધ્યસ્થતામાં હતા. બહાર આવવા દ્યો, શું છે? બીવો છો શું? ચર્ચા બહાર ન છપાવો (એમ કહે છે). એમાં હાનિ–વૃદ્ધિની શું વાત છે? ચીજ શું છે તે સમજશે, વિચાર કરશે.

આ મુનિને છઠ્ઠે ગુણસ્થાનમાં **'વ્યવહાર કાર્યોમાં અંતર્મૂહુર્તથી વધારે સમય લાગે તો વચ્ચે વચ્ચે સાતમું ગુણસ્થાન ક્ષણભર માટે આત્માનુભવરૂપ થઈ જાય છે.'** આહાહા..! મુનિની દશા તો પોણી સેકંડની નિંદ્રા છઠ્ઠા ગુણસ્થાનમાં આવી જાય. જરી આહારનો વિકલ્પ (આવે એટલું). એકદમ વિકલ્પ છૂટીને સાતમામાં (આવી જાય). ઓહોહો..! આ ચારિત્રની રમણતા! સંતપણું મુનિપણું પરમેશ્વરપદમાં ભળી ગયા છે. પંચ પરમેષ્ઠી! કહે છે કે, એમને ધ્યાનની લગની લાગી ગઈ છે. આહાહા..! આહારમાં આવવું, વિકલ્પ આવે છે તો ખેદ થાય છે. અરે..! અમારો અનાહારી અમૃત ખોરાક (અને આ શું)?

મુમુક્ષુ :– મુનિ તો શુદ્ધઉપયોગમાં રહેવાની જ પ્રતિજ્ઞા કરે છે.

ઉત્તર :– પ્રતિજ્ઞા જ શુદ્ધઉપયોગની કરી છે. 'જયધવલ'માં એવું આવ્યું છે કે, મેં તો શુદ્ધોપયોગની પ્રતિજ્ઞા કરી છે. આ આહારનો વિકલ્પ આવ્યો તો મેં પ્રતિજ્ઞા તોડી છે. એવો પાઠ છે. માટે મૃત્યુ સમયે હું ફરીથી શુદ્ધોપયોગ ગ્રહણ કરું છું, પ્રત્યાખ્યાન કરું છું. એમ આવે છે. વિકલ્પ ઊઠે છે, રાગ છે, આવે છે પણ મેં તો શુદ્ધઉપયોગની પ્રતિજ્ઞા કરી છે. મારે તો શુદ્ધઉપયોગમાં રહેવું છે, એવો પાઠ છે, હોં! 'જયધવલ'માં છે. પ્રત્યાખ્યાન. મેં પ્રત્યાખ્યાન તો શુદ્ધઉપયોગમાં રહેવાના લીધા હતા. આ શું? મારા પ્રત્યાખ્યાનનો ભંગ થયો. આહાર, પાણી, બોલવું એવો વિકલ્પ આવ્યો એ તો ભંગ થયો. ફરીથી પ્રત્યાખ્યાન લઉં છું. ઓહોહો..! એવી દશા! સ્વભાવના આશ્રયે લીન થવાનો ઉપાય–માર્ગ છે. વચ્ચે રાગ આવે છે, હો, વ્યવહાર છે, બંધનું કારણથી હટવું (અને) સ્વરૂપાનુભવમાં રહેવું એ જ માર્ગ છે. કહો, સમજાણું?

**'સમ્યગ્દષ્ટિને ગૃહત્યાગ અને સાધુપદનું ગ્રહણ ત્યારે જ થાય છે જ્યારે તેની અંદર પ્રત્યાખ્યાના–વરણ કષાયનો ઉદય ન થતાં...'** એ તો કાંઈ નહિ. પુરુષાર્થ વૃદ્ધિગત થાય છે. સહજ વૈરાગ્ય જાગી જાય છે. **'દઢતાપૂર્વક પરિણામોની ઉચ્ચતા પ્રાપ્ત કર્યા વિના કોઈ ઊંચી ક્રિયા ધારણ કરતા નથી.'** સમ્યગ્દષ્ટિ તત્ત્વજ્ઞાનપૂર્વક, ભાનપૂર્વક દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવપૂર્વક પ્રતિજ્ઞા લે છે. લોકોની સાથે વેગમાં આવીને પ્રતિજ્ઞા તત્ત્વજ્ઞાની લેતા નથી. આવ્યું હતું ને? ભાઈ! 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવ્યું છે, યથાશક્તિ. લોકો લઈ લ્યે છે માટે હું લઈ લઉં (એમ નહિ). મારા પુરુષાર્થની જાગૃતિ, સહજ પુરુષાર્થ કેટલો કામ કરે છે? બસ! એટલું જોવે છે. તેમાં કોઈ ભંગ ન પડે, ઉત્સાહમાં શિથિલતા ન આવી જાય. ઉત્સાહમાં શિથિલતા ન આવે કે, બહુ બોજો થઈ ગયો. એ તો બાહ્ય થઈ ગયું. અસ્થિરતા થઈ ગઈ. ખેદ થઈ ગયો. સમજાણું? ધર્મી જીવ તો પોતાના પરિણામોની ઉચ્ચતા પ્રાપ્ત થયા વિના કોઈ ઊંચી ક્રિયાને ધારણ કરતા નથી.

**'જ્યાં સુધી સહજ વૈરાગ્ય ન આવે તો પરિણામો અનુસાર શ્રાવક પદમાં રહીને યથા સંભવ દર્શન પ્રતિમાથી લઈને ઉદ્દિષ્ટત્યાગ નામની અગિયારમી પ્રતિમા સુધીનું ચારિત્ર પાળીને આત્માના અનુભવ માટે અધિક અધિક સમય કાઢે**

છે.' પહેલી પડિમા, બીજી પડિમા.. શાંતિની વૃદ્ધિ છે. જેમ જેમ અંદર શાંતિની વૃદ્ધિ થાય તેમ તેમ અનુભવમાં આગળ વધવાનો પ્રયાસ કરે છે. સમજાણું કાંઈ? પછી ઘણી વાત કરી છે.

**'દેવસેનાચાર્ય તત્ત્વસારમાં કહે છે : '** લ્યો!

**लहइ ण भव्वो मोक्खं जावइ परदव्वबावडो चित्तो।**

**उग्गतवंति कुणंतो सुद्धे भावे लहुं लहइ।।३५।।**

**'જ્યાં સુધી ચિત્ત પર દ્રવ્યના વ્યવહારમાં રહે છે...'** આહાહા..! 'મોક્ષ પાહુડ'માં ભગવાન 'કુંદકુંદાચાર્યદેવ' કહે છે, **'परदव्वादो दुग्गई, सदव्वादो हु सुग्गई'** (ગાથા૧૬). જેટલું પરદ્રવ્ય તરફ લક્ષ જાય છે તે બધી દુર્ગતિ છે. આહાહા..! એ વ્યવહાર છે. **'सदव्वादो हु सुग्गई'** પોતાનું સ્વદ્રવ્ય શુદ્ધ તરફ રુચિગમન થવી તે સુગતિ છે. તેનું નામ સુગતિ છે. **'परदव्वादो दुग्गई'** એવો પાઠ 'મોક્ષ પાહુડ'માં 'ભગવાન કુંદકુંદાચાર્યદેવ' (કહે છે). બે પક્ષ છે. સ્વભાવ તરફ સાવધાન થવું તે મોક્ષમાર્ગ છે, પર તરફ રાગ થવો તે દુર્ગતિ છે. દુર્ગતિ નામ પોતાની ગતિ બીજા તરફ ચાલી છે. આહાહા..!

**'જ્યાં સુધી ચિત્ત પરદ્રવ્યના વ્યવહારમાં રહે છે ત્યાં સુધી ભવ્ય જીવ કઠિન કઠિન તપ કરવા છતાં પણ મોક્ષ પામતો નથી.'** પરદ્રવ્ય તરફના વલણમાં વિકલ્પમાં રહે છે અને અંતર નિર્વિકલ્પ અનુભવ નથી ત્યાં સુધી તેને મોક્ષ થતો નથી. **'પરંતુ શુદ્ધ આત્મિક ભાવોનો લાભ થતાં... '** શુભ વિકલ્પની ક્રિયા ચાહે જેટલી હો, તેનાથી સંવર, નિર્જરા થતા નથી. માટે તેને છોડીને પોતાના શુદ્ધ ભાવોથી આત્માનો લાભ થતાં, પરમાનંદ પ્રભુ આત્માનો શ્રદ્ધા, જ્ઞાનમાં લાભ થતાં સ્થિરતા કરવાનો પ્રયત્ન કરે છે. તે થતાં **'શીઘ્ર જ મોક્ષ પામી જાય છે.'** એવો આત્મા અલ્પકાળમાં મોક્ષને પ્રાપ્ત થાય છે. સંસાર-બંસાર તેને રહેતો નથી. એ ૮૯ (ગાથા પૂરી થઈ).

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

***




**નવીન પ્રકાશન**

## અધ્યાત્મ પિપાસા (ભાગ-૧)

પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચાનો ગ્રંથ 'સ્વાનુભૂતિદર્શન' ઉપર અધ્યાત્મયોગી પરમોપકારી પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો, 'અધ્યાત્મ પિપાસા' નામક ગુજરાતી ગ્રંથ કુલ ૧૩ ભાગમાં પ્રકાશિત કરવાની ભાવના સાથે પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની આગામી સમ્યક્ત્વ જયંતિ મહોત્સવ પ્રસંગે, તા. ૨૭-૩-૨૦૨૨ના દિવસે ભાગ-૧ પ્રકાશિત કરવામાં આવશે. આ ગ્રંથની મર્યાદિત નકલો છપાવવાની હોવાથી જે મુમુક્ષુઓ તરફથી વ્યક્તિગત માંગણી આવશે તેટલી જ નકલો પ્રકાશિત કરવામાં આવશે. માટે જે કોઈ મુમુક્ષુઓને પુસ્તકની જરૂરિયાત હોય તેઓએ પોતાના નામ તથા સરનામા તા. ૨૮-૨-૨૦૨૨ પહેલા, શ્રી રાજેન્દ્રભાઈ જૈન, ભાવનગર, (મો. ૯૮૨૫૧૫૫૦૬૬)ને વોટ્સ અપ કરવા વિનંતી.



**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ–૨૫૫ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા. ૨૬–૫–૧૯૮૩, પ્રવચન નં. ૧૧૩ (વિષય : માર્ગદર્શન)**

**ભગવાન આત્મા જ્ઞાયક સ્વરૂપે બિરાજમાન છે તેને અતીન્દ્રિયજ્ઞાનથી જાણવું થાય પણ તેને ઈન્દ્રિયો વડે જાણવાનું થતું નથી. ઈન્દ્રિયો વડે જાણવાનું કાર્ય તેને થતું નથી. તેને એટલે કે જ્ઞાયક આત્માને લિંગો વડે એટલે કે પાંચ–ઈન્દ્રિયો વડે જાણવું થતું નથી. ઈન્દ્રિય વડે જાણવાનું કામ કરે તે આત્મા નથી. ઈન્દ્રિય અણાત્મા છે, તેથી તે વડે જાણવાનું કાર્ય કરે તેને જ્ઞાન જ અણાત્મા છે, શાસ્ત્ર સાંભળે ને તે વડે જે જ્ઞાન થાય તે જ્ઞાનને આત્મા કહેતા નથી. શાસ્ત્ર સાંભળતા ખ્યાલમાં આવે કે આમ કહે છે–એમ જે જાણવું થયું તે ઈન્દ્રિય વડે થયું હોવાથી તેને આત્મા કહેતા નથી. ૨૫૫**

(૧૨:૦૦ મિનિટથી...)

૨૫૫. '**ભગવાન આત્મા જ્ઞાયક સ્વરૂપે બિરાજમાન છે...**' આ પોતાનો ભગવાન આત્મા, દેહના સંયોગમાં રહેલો એવો આ આત્મા જ્ઞાયકસ્વરૂપે, મૂળ સ્વરૂપે, ભગવાન સ્વરૂપે, જ્ઞાયક સ્વરૂપે બિરાજમાન છે. સદાય, હોં! અનાદિઅનંત. એટલે અત્યારે પણ. સદાય બિરાજમાન છે એટલે અત્યારે પણ બિરાજમાન છે. '**તેને...**' તે આત્માને '**અતીન્દ્રિયજ્ઞાનથી જાણવું થાય...**' આવા જ્ઞાયકસ્વરૂપ ભગવાન આત્માને જાણવામાં જ્ઞાન અતીન્દ્રિય પર્યાય ધારણ કરે. ઈન્દ્રિય દ્વારા પ્રવર્તતું જ્ઞાન બાહ્ય પદાર્થો પ્રત્યે ઈન્દ્રિય દ્વારથી પ્રવર્તતું જ્ઞાન પાછું વળીને એવું બહિર્ભાવરૂપ વલણ છોડીને અંતર્મુખ થાય, અતીન્દ્રિયપણે પરિણમન થાય ત્યારે તેનું જાણવું થાય છે, ત્યારે આ અતીન્દ્રિય જ્ઞાયક ભગવાન આત્માનું જાણવું થાય છે. આત્મા પોતે પણ અતીન્દ્રિય સ્વરૂપ છે. શરીરવાળો, ઈન્દ્રિયવાળો આત્મા નથી. આ જડ અવયવો છે એ તો પ્રત્યક્ષ જડ રજકણ પરમાણુનો જથ્થો છે એને દ્રવ્યઈન્દ્રિય શાસ્ત્રમાં કહ્યું છે. જડ દ્રવ્યને હિસાબે એને દ્રવ્યઈન્દ્રિય કહે છે. તેના દ્વારા પ્રવર્તતો જે જ્ઞાન અને રાગનો પર્યાય તેને ભાવેન્દ્રિય કહેવામાં આવે છે. જાણે પણ છે અને રાગ–દ્વેષ–મોહરૂપે પરિણમે પણ છે. એવું એક પર્યાયમાં જે થાય છે એને ભાવેન્દ્રિય કહેવામાં આવે છે. જડ રજકણની દ્રવ્યેન્દ્રિયવાળો તો આત્મા નથી પણ ભાવેન્દ્રિયવાળો પણ આત્મા નથી. એ ભાવ તો આત્માનો છે. જાણે છે આત્મા, મોહ કરે છે આત્મા. તો અહીંયાં એના મૂળ જ્ઞાયક સ્વરૂપનો વિષય ચાલે છે.

મૂળ જ્ઞાયક સ્વરૂપ બતાવવા માટે એમ કહેવાય છે કે એવું જ્ઞાયકસ્વરૂપ નથી. જે ભાવેન્દ્રિયરૂપ ભાવ છે

એવા ભાવે, એવા સ્વભાવે ભગવાન આત્માનું જ્ઞાયકસ્વરૂપ નથી. એનાથી વિલક્ષણ પ્રકારનું અતીન્દ્રિય સ્વરૂપ છે. ઇન્દ્રિય વિનાનું, ભાવેન્દ્રિય વિનાનું અતીન્દ્રિય સ્વરૂપ છે. અને તે અતીન્દ્રિય સ્વરૂપ આત્મા અતીન્દ્રિય જ્ઞાન દ્વારા જ અનુભવગોચર થાય છે. ઇન્દ્રિયજ્ઞાન દ્વારા તે અનુભવગોચર થતો નથી.

હવે આ સિદ્ધાંતમાંથી શું સ્પષ્ટ થાય છે? કે અત્યારે સ્વાધ્યાય કરવાના વખતે મન દ્વારા, વિચાર દ્વારા આત્મા જણાશે નહિ એમ કહેવા માગે છે. આત્માનો મન દ્વારા વિચાર કરતા શાસ્ત્રના નિમિત્તે ચક્ષુ ઇન્દ્રિય દ્વારા શબ્દોનું વાંચવાનું, કર્ણેન્દ્રિય દ્વારા તે આત્માના વિશેષણો, સામાન્ય વિશેષ અનેક પ્રકારે આત્માના સ્વરૂપનું શ્રવણ કરવું, ચક્ષુ ઇન્દ્રિય દ્વારા આત્મા કહેવા માગે છે એવા વચનોનું વાચવું અને કર્ણેન્દ્રિય દ્વારા એનું શ્રવણ કરવું, એ પ્રકારની પ્રક્રિયા સાથે સાથે મન દ્વારા તેનો વિચાર કરવો. આવું જે ઇન્દ્રિયજ્ઞાનવાળું પરિણમન છે તેનાથી આત્મા જણાશે નહિ. તેનાથી આત્મા જણાતો નથી એમ કહેવા માગે છે.

આ પ્રશ્ન પૂછેને કે વધારે સ્પષ્ટ કરીને અમને સમજાવો તો અમને આત્મા સમજાય. હજી સ્પષ્ટ કરો, દૃષ્ટાંતથી સ્પષ્ટ કરો. જેટલું ભાષાથી, વચનથી સ્પષ્ટ કરી શકાય એટલું સ્પષ્ટ કરીને આત્માના વિષયમાં સમજાવો તો અમે આત્મા સમજીએ. એની અહીંયાં આચાર્યદેવ ના પાડે છે. કે આત્મા સ્વરૂપે અતીન્દ્રિય હોવાથી, અતીન્દ્રિય સ્વરૂપી આત્મા ઇન્દ્રિયજ્ઞાનથી એને એ જ્ઞાન દ્વારા વિષય કરી શકાતો નથી. ઇન્દ્રિયજ્ઞાનનો તે વિષય થતો નથી. તેથી એ અભિપ્રાય તોડી નાખવો જોઈએ કે આમ વાંચતા-વાંચતા, વિચાર કરતા-કરતા, સાંભળતા-સાંભળતા આત્મા જણાય જશે અને આત્માનું જ્ઞાન થશે. એ અભિપ્રાય એણે તોડી નાખવો જોઈએ. વાંચતા, સાંભળતા અને વિચારતા પણ અભિપ્રાયમાં પણ એમ રહેવું જોઈએ કે આ ઇન્દ્રિય તરફનું વલણ છોડીને જ્ઞાન અતીન્દ્રિયપણું ધારણ કરશે ત્યારે એમાં આત્મા અનુભવગોચર થશે. ત્યારે એમાં આત્મા જણાશે. ત્યાં સુધી આત્મા જણાશે નહિ.

મુમુક્ષુ :- એવું રહેવું જોઈએ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એવું સમજણમાં એમ બરાબર રહેવું જોઈએ. સાંભળતી વખતે, વાંચતી વખતે, વિચારતી વખતે.

મુમુક્ષુ :- અત્યાર સુધી કલ્પના જ કરીને?

પૂજ્ય ભાઈશ્રી :- કલ્પના એટલે? જો સાંભળતા-સાંભળતા, વિચારતા-વિચારતા, વાંચતા-વાંચતા આત્મા જણાશે એ કલ્પના છે. પણ ઇન્દ્રિયજ્ઞાનથી નહિ જણાય, અતીન્દ્રિય જ્ઞાનથી જણાશે. એ બરાબર છે. એવું સમજવું તે બરાબર છે. આ વિપરીત સમજવું થાય છે કે વાંચતા વાંચતા મને જ્ઞાન થશે, સાંભળતા-સાંભળતા મને જ્ઞાન થશે, અંદરમાં વિચારતા, ચિંતવન કરતા, મનન કરતા, ચિંતન-મનન કરતા મને જ્ઞાન થશે, આત્માનું ચિંતન કરીશ તો મને જ્ઞાન થશે. આત્માના સ્વરૂપનું મનન કરીશ તો મને જ્ઞાન થશે. એ પ્રકારે આત્મજ્ઞાન થશે એમ જો અભિપ્રાય રાખે કે સમજણ રાખે તો તો એ ચોખ્ખી વિપરીત સમજણ છે. પણ આ પ્રકારનું બહિર્મુખ વલણ છોડીને જ્ઞાન અંતર્મુખ થશે, અતીન્દ્રિય ભાવે પરિણમશે ત્યારે એમાં આત્મા વિષય થશે, જાણવું થશે, અનુભવગોચર થશે. એમ સમજવું તે બરાબર છે.

હવે એમ સમજે ત્યારે શું કે એનું વાંચવા, વિચારવા, સાંભળવા ઉપરનું વજન ઘટી જાય. એટલે કે એના બહિર્મુખ ભાવો ઉપરનું વજન ઘટી જાય. અહીં તો હજી એટલી નવરાશ ન લે ત્યાં એને એના ઉપર વજન ન રાખવું એમ કેમ કહેવું? અહીં તો નવરાશ લઈને આવું વાંચે-વિચારે એને પણ એમ કહે છે કે જોજે ત્યાં વજન રહ્યું તો રસ્તો પાછો ઊંધો થઈ જશે આખો, માર્ગ હાથમાં આવશે નહિ. તને એ બહિર્મુખ ભાવોનો રસ આવશે, એ બહિર્મુખ ભાવોની મહત્તા તને લાગશે અને એ બહિર્મુખ ભાવોમાં તું રચ્યો-પચ્યો રહીશ તો અટકી જઈશ. વિપરીત દિશામાં તું અટકી જઈશ. એમ કહેવું છે.

**'અતીન્દ્રિયજ્ઞાનથી જાણવું થાય પણ તેને ઈન્દ્રિયો વડે જાણવાનું થતું નથી. ઈન્દ્રિયો વડે જાણવાનું કાર્ય તેને થતું નથી.'** આત્માને ઈન્દ્રિયો વડે જાણવાનું કાર્ય થતું નથી. ઈન્દ્રિયજ્ઞાનથી એનું જાણવું થાય એમ ન થાય અને એવો આત્મા ઈન્દ્રિયજ્ઞાન વડે જાણે એવો પણ એનો સ્વભાવ નથી. અતીન્દ્રિય જ્ઞાન દ્વારા જાણવાનું પરિણમન થાય એવો એનો સ્વભાવ છે. ઈન્દ્રિયજ્ઞાન દ્વારા જાણ્યા કરે એવો એનો સ્વભાવ નથી એમ કહેવું છે. એ તો એનો વિભાવ છે.

મુમુક્ષુ :- એ તો ખ્યાલમાં હોય જને. દરેક મુમુક્ષુને ખ્યાલમાં હોય કે ઈન્દ્રિયજ્ઞાનથી નહિ જણાય.

પૂજ્ય ભાઈશ્રી :- ખ્યાલમાં છે તો એને એ બાજુનું વજન ઘટી ગયું છે? બસ, આટલો સવાલ છે. ખ્યાલ કોને કહેવો? ખ્યાલ અનુસાર તો યથાર્થતા એ આવવી જોઈએ કે એનું વજન ઘટી જવું જોઈએ. અને અતીન્દ્રિય જ્ઞાન થવા બાજુનો એનો પુરુષાર્થ ચાલુ થવો જોઈએ. તો એનો ખ્યાલ બરાબર છે. નહિતર ચોર ચોરી કરે છે. તો કહે ખ્યાલમાં છે. આ કબાટ ખોલ્યો તો કહે ખ્યાલમાં છે, આ દાગીનાની પેટી ઉપાડી તો કહે ખ્યાલમાં છે, કે આ લઈને ચાલતો થયો. કહે ખ્યાલમાં છે. પણ શું કપાળ ખ્યાલમાં છે? આ ગયું બધું હવે. ખ્યાલ-ખ્યાલ શું કામ લાગે? ખ્યાલ તો એ છે કે એ તરત જ એનું જોર પકડ્યા વિના રહે નહિ.

બહિર્ ભાવોનું એનું જોર શિથિલ થઈ જાય અને અંતર્મુખ ભાવોનું એનું જોર વધવા લાગે. જ્યાં સુધી પૂર્ણ ન થાય ત્યાં સુધી સાધકને પણ શાસ્ત્રનું અધ્યયન, ચિંતવન, મનન, શ્રવણ, વાંચન વગેરે ચાલે તોપણ એના ઉપર એનું વજન ન હોય. એમ કહે છે. એનું વજન એના અંતર્મુખ પરિણમન ઉપર છે. એનો બધો રસ ત્યાં છે, અહીંયાં બહારમાં એનો રસ હોતો નથી.

હવે બીજા વચનમાં એમ છે **'ઈન્દ્રિયો વડે જાણવાનું કાર્ય તેને થતું નથી. તેને એટલે કે... '** અહીંયાં તેને **'એટલે કે જ્ઞાયક આત્માને લિંગો વડે એટલે કે પાંચ-ઈન્દ્રિયો વડે જાણવું થતું નથી.'** તો આ કોણ જાણે છે? પાંચ ઈન્દ્રિયો વડે જાણે છે તે અનાત્મા છે એમ અહીંયાં કહે છે. આત્માની જાતનો આત્મા નહિ પણ અનાત્માની જાતનો આત્મા થઈ ગયો એ, સંસારી આત્મા થઈ ગયો, એ વિભાવી આત્મા થઈ ગયો, એ સ્વભાવી આત્મા ન રહ્યો એમ કહે છે.

**'તેને એટલે કે જ્ઞાયક આત્માને...'** એમ. સીધો સ્વભાવ ગ્રહણ કરાવે છે. જે સ્વભાવસ્વરૂપ જ્ઞાયક આત્મા છે એને આ પાંચ ઈન્દ્રિયો દ્વારા, તેના પાંચ ઈન્દ્રિયોના સાધન દ્વારા એને જાણવું થતું નથી. એવું એનું સ્વરૂપ છે એમ કહેવું છે. અહીંયાં આત્માનું અતીન્દ્રિય સ્વરૂપ કેવું છે એ બતાવવું છે. કહેનાર શું કહેવા ધારે છે? કે એ કહેવા ધારે છે કે ઈન્દ્રિયજ્ઞાન દ્વારા જાણવું થાય છે એવું આત્માનું સ્વરૂપ નથી. આ વાંચવું થાય, વિચારવું થાય, સાંભળવું થાય એવું જે જ્ઞાનમાં થાય છે એવું આત્માનું સ્વરૂપ નથી એમ કહે છે. કેમકે એવા સ્વભાવે આત્મા નથી કે જે ઈન્દ્રિયજ્ઞાન દ્વારા જાણે. એવા સ્વભાવે આત્મા નથી. અતીન્દ્રિય એવો આત્મા અતીન્દ્રિય જ્ઞાનરૂપ પરિણમને પરિણમે એવો એનો સ્વભાવ અને એવું એનું સ્વરૂપ છે. આમ કહેવા માગે છે.

એટલે આખી ઈન્દ્રિય જ્ઞાનની પર્યાયોની પલટન છે એ બધીને અનાત્મામાં નાખી દીધી. એવો આત્મા જ નથી, એ એનું સ્વરૂપ જ નહિ. પછી એ બહિર્મુખ ક્ષયોપશમ જ્ઞાનમાં કેટલો મુસ્તાક થઈને ફરે? એનો એને અહંભાવ કેટલો ધારણ કરવો રહ્યો? કે એ હું છું જ નહિને, મારું એ સ્વરૂપ જ નથીને. ઘણા શાસ્ત્રો જાણ્યા, ઘણું જાણ્યું અને ઘણું આવડ્યું. કહે છે કે તું અનાત્મામાં આત્મા માનવા લાગ્યો છો. બીજું કાંઈ નથી એમાં. અનાત્મામાં આત્મા માનવાની વાત છે. જેમ બહારના વૈભવમાં પોતાપણું માનીને કોઈ અહંકાર કરે છે. એમ જ ક્ષયોપશમ જ્ઞાનના બહિર્મુખ, બહિર્મુખી બહિરલક્ષી જ્ઞાનમાં જે અહંભાવ ધારણ કરે છે એનો ને એનો વર્ગ કાંઈ જુદો રહેતો નથી. એક ક્લાસના થઈ ગયા. એમ કહેવું છે.

**'તેને એટલે કે જ્ઞાયક આત્માને... '** એમ. આ ચાલુ આત્માને નહિ. **'જ્ઞાયક આત્માને લિંગો વડે એટલે કે પાંચ-ઇન્દ્રિયો વડે જાણવું થતું નથી. '** એટલે કે **'ઇન્દ્રિય વડે જાણવાનું કામ કરે તે આત્મા નથી.'** ઠીક! એને આત્મા જ નથી કહેતા. એવું કામ ખરેખર આત્મા ન કરે એમ કહે છે. જ્ઞાનનું જે અતીન્દ્રિય પરિણમન છે એ જ આત્માનું જ્ઞાનમય સ્વભાવિક પરિણમન છે. એ આત્માનું નિજ કાર્ય છે, સ્વભાવસ્વરૂપ કાર્ય છે, એના સ્વરૂપ સાથે મેળ ખાય એવું કાર્ય છે. ઇન્દ્રિય જ્ઞાને પરિણમે તે આત્માના સ્વરૂપ સાથે મેળ ખાય એવું કાર્ય નથી.

હજી તો સંપ્રદાયમાં જીવોને મંદ રાગથી આત્માનું કાર્ય અને ધર્મ થયો હોય એવું માનવું છે. અહીં તો કહે છે કે તારા બહિર્મુખી શાસ્ત્રજ્ઞાનથી, બહિર્મુખી આત્માના વિચારથી, ચિંતનથી, મનનથી પણ આત્માનું જે કાર્ય નથી, મૂળમાં એને આત્મા સાથે સંબંધ નથી, આત્માથી વિરુદ્ધ જાય છે એવું પરિણમન જ્ઞાનનું હોય તોપણ તે એવું પરિણમન છે. એમ કહીને એને એકદમ બહિર્મુખ દિશા છોડાવી છે. આ બહુ સરસ ગાથા છે. ૧૭૨મી 'પ્રવચનસાર'ની ગાથા છે એમાં ઘણી અધ્યાત્મની વાતો 'અમૃતચંદ્રાચાર્યદેવે' આત્માના વિષયમાં સ્પષ્ટ કરી છે.

કહે છે કે **'ઇન્દ્રિય વડે જાણવાનું કામ કરે તે આત્મા નથી. ઇન્દ્રિય અણાત્મા છે,...'** જે ઇન્દ્રિય છે તે અણાત્મા છે. ઇન્દ્રિયજ્ઞાન છે તે અણ–આત્મા છે, નહિ આત્મા છે, આત્મા નથી એમ છે એમ કહે છે. તે ખરેખર અનાત્મા છે. જેમ પુદ્ગલ રજકણ અનાત્મા છે તેમ ઇન્દ્રિયજ્ઞાન પણ અનાત્મા છે. એને આત્મા કહેતા નથી. **'ઇન્દ્રિય અણાત્મા છે, તેથી તે વડે જાણવાનું કાર્ય કરે તે જ્ઞાન જ અણાત્મા છે,... '** ઇન્દ્રિય મારફત, ઇન્દ્રિયના સાધન દ્વારા જાણવાનું કાર્ય કરે તે જ્ઞાન જ અણાત્મા છે.

અહીંયાં માણસ કહે છેને કે આંખમાં તકલીફ થઈ છે. આંખમાં તકલીફ થઈ છે તો ગમે એમ કરીને આંખ બચાવો. ભલે ગમે તેટલા પૈસા લાગે પણ આંખ બચે એમ કરો. હવે એમ કેમ છે એટલી બધી કિંમત એની? કે એને જ આત્મા માન્યો છે. જડ શરીરને દેહાત્મબુદ્ધિએ આત્મા માન્યો હોવાથી (એને જ આત્મા માન્યો છે).

...એનાથી તારો સંસાર ચાલે છે કે બીજું કાંઈ ચાલે છે? સંસાર ચલાવવો હોય તો ચલાવ તું. અનંતકાળથી તારો સંસાર ચાલુ છે અને હજી એ કામની ચીજ છે એમ જ્યાં સુધી માનીશ ત્યાં સુધી અનંતકાળ માનીશ તો અનંતકાળ પર્યંત તારો સંસાર ચાલશે. બીજું કાંઈ એમાંથી ચાલવાનો સવાલ રહેતો નથી. અને કાયમ દુઃખી થઈશ, સદાય દુઃખી રહીશ. બીજું કાંઈ નથી એમાં. દુઃખી થયા વિના નહિ ચાલે. એમ માનતા દુઃખી થયા વિના નહિ ચાલે. આમ છે, લ્યો!

મુમુક્ષુ :– સુખી નહિ થવાય.

પૂજ્ય ભાઈશ્રી :– સુખની ગંધ પણ નહિ આવે. ઇન્દ્રિય તરફના વલણવાળા જ્ઞાનમાં પરિણમનમાં સુખની ગંધ માત્ર પણ નહિ આવે. સુખ આવવાનો તો સવાલ નથી. એ સ્વયં દુઃખનું ઉત્પાદક છે. જે કોઈ ઇન્દ્રિય દ્વારા પરિણમન થાય છે એ દુઃખભાવને સાથે લઈને પરિણમન ઉત્પન્ન થાય છે. દુઃખસહિત જ થાય છે, દુઃખસહિત જ પરિણમન થાય છે. એમાં સુખ થવાનો પ્રશ્ન જ ક્યાંય છે નહિ.

**'તેથી તે વડે જાણવાનું કાર્ય કરે તે જ્ઞાન જ અણાત્મા છે,...'** બહારના શરીર–ખોખા તો અણાત્મા છે પણ તે દ્વારા જાણવાનું કાર્ય કરે તે જ્ઞાન પણ અનાત્મા છે. જ્ઞાનને અહીંયાં અનાત્મા કહ્યું. ઠીક! રાગને તો અનાત્મા કહેવામાં આવે છે. કેમકે વીતરાગ સ્વરૂપી આત્માથી રાગ છે તે વિરુદ્ધ જાતિનો ભાવ છે. એટલે તો એમ કહે છે કે આત્મા આનંદઅમૃતસ્વરૂપ છે અને રાગ છે એ ઝેર છે. તીવ્ર હો કે મંદ હો, રાગ છે તે ઝેર છે એમ કહેવામાં આવ્યું છે એનું કારણ કે આત્મા આનંદઅમૃતસ્વરૂપ છે. એ તો રાગ અને વીતરાગપણું પરસ્પર વિરુદ્ધ હોવાથી તો ખ્યાલમાં આવે. પણ અહીંયાં જ્ઞાન પર આ બોલ

ઉતારે છે કે જે જ્ઞાન ઇન્દ્રિયના સાધન દ્વારા કાર્ય કરતું છે તે જ્ઞાન પણ અનાત્મા છે. એ જ્ઞાન પણ જડ છે. એ જ્ઞાન પણ સંસારમાં રખડાવનારું, નવા કર્મબંધન કરનારું જ્ઞાનાવરણીય—જ્ઞાનને આવરણ કરનારું એ જ્ઞાન છે.

જે માણસ પોતાના ઉપર કુહાડો મારે, જે પોતાના ઉપર જ કુહાડો મારે, તે કુહાડાનું હથિયાર એણે વસાવ્યું એમ કેમ કહેવાય? જે રક્ષણ કરવાને બદલે પોતાનો નાશ કરે. આ કુળ પરંપરા છોકરાવથી ચાલે છેને? છોકરાને મારી નાખે. છોકરાને મારી નાખે. પોતાના જ છોકરાને મારે, કુળનો નાશ કરે. એ શું કાર્ય કરે છે? અહીંયાં પોતાનો નાશ કરે છે. જ્ઞાન જ્ઞાનાવરણીયનું બંધન થાય એમ પરિણમે તો એ જ્ઞાને શું કર્યું? એની પરંપરા એણે બંધ કરી. જ્ઞાનનો અભાવ થાય, જ્ઞાનનો નાશ થાય અને ક્રમે કરીને જીવ નિગોદમાં જાય એવું કાર્ય થયું એ. ઇન્દ્રિયજ્ઞાનથી એવું કાર્ય થાય છે એમ કહે છે. એટલે એ જ્ઞાન જ અનાત્મા છે.

**'ઇન્દ્રિય વડે જાણવાનું કાર્ય કરે તે જ્ઞાન જ અણાત્મા છે, શાસ્ત્ર સાંભળે ને તે વડે જે જ્ઞાન થાય તે જ્ઞાનને આત્મા કહેતાં નથી.'** ઠીક! અહીં સુધી લીધું. એની છેલ્લી હદ શું? આ ઇન્દ્રિયજ્ઞાનની આખરી હદ શું? કે શાસ્ત્ર સાંભળે અને તે વડે જે જ્ઞાન થાય, સાંભળવાના નિમિત્તે જે જ્ઞાન થાય તે જ્ઞાનને આત્મા કહેતા નથી. ઠીક!

મુમુક્ષુ :- સાંભળવાનું બંધ કરે.

પૂજ્ય ભાઈશ્રી :- શાસ્ત્ર સાંભળવાનું બંધ કરે, અંતરમાં લીન થઈ જાય. શાસ્ત્ર સાંભળવાનું બંધ કરે. તો એને અતીન્દ્રિય જ્ઞાન પ્રગટ થાય એને ધન્ય ઘડી અને ધન્ય ભાગ્ય કહેવામાં આવે, જો એમ કરી શકે તો.

સમવસરણમાં અનેક જીવો ભગવાનની દિવ્યધ્વનિ અંતર્લીન થવાના કાળમાં સાંભળવી બંધ કરે છે. ભગવાનને એમ નહિ લાગતું હોય કે મારો અનાદર કરે છે? આ કેમ સાંભળતો નથી? મેં એમ જ કહ્યું હતું પણ એને કે મારું સામું ન જો, તારી સામું તું જો. એ તેં સાંભળ્યું ક્યારે? કે જ્યારે તેં તારી સામે જોયું ત્યારે. નહિતર એ વાત સાંભળી છે એ અણસાંભળી રહી જાય છે, સાંભળેલી રહેતી નથી. સીધી વાત છે.

એક વખત તો 'ગુરુદેવશ્રી'ના પ્રવચનમાં એ વાત આવી કે મિથ્યાદષ્ટિ જીવોનું શાસ્ત્રાદિ સાંભળવાનું જ્ઞાન તો અનાત્મા છે. પણ સાધકજીવની જ્ઞાનની પર્યાયમાં બે ભાગ છે. એક સમયની જ્ઞાનની પર્યાયમાં બે ભાગ. સમય એક અને વિભાગ એના બે. એક સમયની પર્યાયનો પર્યાય અંશ અંતર્મુખ છે અને તે જ સમયની પર્યાયનો એક અંશ બહિર્મુખ છે. જે અંતર્મુખ છે તે અતીન્દ્રિયરૂપ છે, તે આત્મારૂપ છે. અને જે બહિર્મુખ અંશ છે તે અનાત્મારૂપ છે સાધકને. હવે એ સાધક ક્યાં સુધી છે? કે ચોથા ગુણસ્થાનવાળો સાધક છે, પાંચમા ગુણસ્થાનવાળો સાધક છે અને છઠ્ઠા-સાતમામાં મુનિ, ઉપાધ્યાય અને આચાર્ય પણ સાધક છે અને એ આચાર્યોમાં આચાર્ય પદવીએ બિરાજમાન ગણધરદેવ પર્યંત પણ આચાર્યની પદવીમાં જાય છે. ગણધરદેવને આચાર્ય કહેવાય છે. ત્રણ પદ છે એ સાધુના છે. એમાં ગણધરદેવ આચાર્યની પદવીએ બિરાજમાન છે. એ ગણધરદેવનો જે ઉપયોગ અંતર્મુહૂર્તમાં બાર અંગને રચે તે અનાત્મા છે. એ જ્ઞાન નથી પણ એ જડ છે. પ્રવચનમાં આમ કહ્યું ખુલ્લં ખુલ્લું. એ જ્ઞાન નથી. એ જ્ઞાનનું સ્વરૂપ નથી એમ કહે છે લ્યો ઠીક! આવો આત્મા ઓળખાવવો છે. આમ કહીને મૂળ આત્માનું જ્ઞાયકસ્વરૂપ કેવું છે એ બતાવવું છે.

જે ગણધરદેવ ચાર જ્ઞાનના ધારક છે. મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યય. બીજા મુનિઓને તો મનઃપર્યય જ્ઞાન હોય કે ન હોય પણ ગણધરદેવને તો હોય, હોય અને હોય જ. બધા આચાર્યોને મનઃપર્યયજ્ઞાન ન હોય. અવધિજ્ઞાન પણ બધા આચાર્યોને કે બધા સાધકોને ન હોય. પણ ગણધરદેવને તો ચારેય જ્ઞાન હોય છે. એક કેવળજ્ઞાન જ થવાનું બાકી છે. અને એટલો ઉઘાડ... એટલો ઉઘાડ કે અંતર્મુહૂર્તમાં બાર અંગની રચના થઈ જાય. એટલો ઉઘાડ છે. લખવા બેસે તો આયુષ્ય ટૂંકા

પડે. બાર અંગને લખવા બેસે તો આયુષ્ય ટૂંકું પડે. એટલું વિશાળ ક્ષયોપશમવાળું જ્ઞાન એ પણ આત્માના આધારથી ઉત્પન્ન થયેલું નહિ હોવાથી, કેમકે એ (આત્માના આધારે ઉત્પન્ન થયેલું જ્ઞાન) તો નિર્વિકલ્પ છે. બાર અંગનું જ્ઞાન તો સવિકલ્પાત્મક છે. અને આત્માને અવલંબીને ઉત્પન્ન થયેલું અતીન્દ્રિય જ્ઞાન તો નિર્વિકલ્પ છે. એ નિર્વિકલ્પ જ્ઞાન તે જ્ઞાન છે અહીં તો કહે છે. સવિકલ્પ જ્ઞાન તે જ્ઞાન નથી. એને અનાત્મા અને એને જડ કહેવામાં આવે છે. એમ કહીને અહીંયાં નિર્વિકલ્પ જ્ઞાયક આત્મા કેવો છે એ બતાવવું છે. કહેવાનો આશય એટલો છે.

એટલે એમ કહે છે કે '**ઇન્દ્રિય વડે જાણવાનું કામ કરે તે જ્ઞાન જ અણાત્મા છે, શાસ્ત્ર સાંભળે ને તે વડે જે જ્ઞાન થાય તે જ્ઞાનને આત્મા કહેતાં નથી.**' ઠીક! શાસ્ત્ર સાંભળીને કે શાસ્ત્ર વાંચીને જે જ્ઞાન થાય એ જ્ઞાનને આત્મા કહેતા નથી. વાત કરી હતીને? 'પૂજ્ય બહેનશ્રી'ની પરીક્ષાના કાળમાં એમને એક શાસ્ત્રની ગાથા આપી કે આનો અર્થ કરો. જ્ઞાન શું છે એમ ખબર તો પડે. જ્ઞાન થયું છે કે નહિ? જેના નિમિત્તે જ્ઞાન થયું હોય એમના પ્રત્યે અનહદ ભક્તિ તો હોય જ, અનહદ બહુમાન તો હોય જ. છતાં પરીક્ષાના કાળમાં એ રાખીને, એ બહુમાન રાખીને એ વાત છે. શાસ્ત્ર પાછું આપી દીધું. અર્થ ન કર્યો. આવડે છે, ન આવડે છે એ પ્રશ્ન જ નથી કહે છે અહીંયાં. આવડે એટલે જ્ઞાન અને ન આવડે એટલે જ્ઞાન એવો અહીંયાં પ્રશ્ન નથી. અહીંયાં તો આ નિર્વિકલ્પ વેદન વેદાય છે, આ પ્રત્યક્ષ વેદાય છે એ જ્ઞાન છે. એનું નામ જ્ઞાન છે. એને જ્ઞાન કહ્યું છે ભગવાને. અંદરથી ભગવાન આત્મા એમ કહે છે કે આનું નામ જ્ઞાન છે. આ શાસ્ત્રના અર્થ આવડે એનું નામ જ્ઞાન નથી. એને તો અહીંયાં અનાત્મા કહે છે. આ તો આચાર્યોએ વાત કરી છે કે નહિ ગાથામાં? 'ગુરુદેવશ્રી'એ તો વિસ્તાર કર્યો છે.

આ મહા ધર્મધુરંધર આચાર્યો આ વાત કરી ગયા છે. ગણધરની પદવી અને આચાર્યની પદવી સમાન પદવી છે. 'અમૃતચંદ્રાચાર્ય', 'કુંદકુંદાચાર્ય' આચાર્ય પદવીએ હતા. 'જયસેનાચાર્ય' એ બધા જે આચાર્ય પાછળ લગાડે છે એ આચાર્ય પદવીએ હતા. ચોખ્ખે ચોખ્ખી વાત કરે છે. આમ બરાબર પક્કડમાં આવે તો જરાય એના ઉઘાડ ઉપર એને વજન જાય નહિ.


અહીં તો થોડુંક સારું બોલી શકે કે લખી શકે તો એને એમ થાય કે આહા..! પણ ભાઈ, એ બોલવાની ભાષા પુદ્ગલની છે. મારી વિદ્વતા એટલી કે એક વાત કહેવા માટે અનેક શબ્દો મારી પાસે (છે), એટલું તો શબ્દ ભંડોળ રાખું છું. એક જ વાતને કહેવા માટે અનેક શબ્દો વાપરી શકે. કહે છે કે પણ એ બધા જડ છે. એ શબ્દો તો જડ છે, વાણી તો જડ છે પણ એવું તારું જ્ઞાન પણ જડ છે અહીં તો કહે છે. જડ ઉપર અહંપણું કરનારને જડતા આવે છે, બીજું કાંઈ થતું નથી. જે જે જડ તત્ત્વો છે, જડ પદાર્થો છે તેમાં અહંબુદ્ધિ કરતા, તેમાં મમત્વ કરતા તેનો ભાવ જડ સદૃશ્ય જડ જેવો થઈ જાય છે. બીજું કાંઈ એમાંથી થતું નથી. અને એ ચૈતન્ય સ્વરૂપ પોતાના અનંત ચૈતન્ય સ્વરૂપથી દૂર જાય છે.

અંદરમાં જોવે તો એનું ચૈતન્ય અનંત છે, અનંત ચૈતન્ય ભરેલું છે. જેને કોઈ તળિયું નથી. એટલું અંદરમાં ચૈતન્ય પડ્યું છે. તત્ત્વ તરીકે એટલું અનંત ચૈતન્ય ભર્યું છે. એનાથી ઇન્દ્રિયજ્ઞાન દ્વારા દૂર જાય છે. એને અહીંયાં પાછો વાળે છે. એ દિશામાં તું ન જા. તું બહારની દિશામાં ન લંબા. ક્યાંય બહારમાં લંબાવા જેવું નથી. જેટલો તું બહારમાં લંબાઈશ એટલો તું તારા અંતરતત્ત્વથી દૂર જઈશ. એ તને બાધકપણું છે. અને અંદર આવ એટલું જ તારું સાધકપણું છે. આ સિવાય લાંબી ચોડી બીજી કોઈ વાત છે નહિ. જેટલો વિસ્તાર કર્યો છે એ આ વાત કહેવા માટે છે કે બહાર જવા જેવું નથી. (૪૫:૪૫ મિનિટ સુધી)

**(પ્રવચનનો શેષ અંશ આવતા અંકમાં...)**

***

## પૂજ્ય બહેનશ્રીની વીડિયો તત્ત્વચર્ચા
## મંગલ વાણી-સીડી-૧૧-C



(૫૬:૦૦ મિનિટથી...)

પ્રશ્ન :- (નિયમસારના) ૧૧૭ નંબરના શ્લોકમાં (એમ આવે છે કે) જે સહજ પરમતત્ત્વ મુનિને મનથી અને વાણીથી દૂર છે. એમાં 'ગુરુદેવે' મનનો અર્થ કર્યો કે મનના વિકલ્પોથી અને વાણીથી દૂર છે એમ કહ્યું. ત્યારપછી એમ પણ આવ્યું કે અનુભવથી અને પર્યાયથી પણ દૂર છે. એમ આગળના ૩૮મી ગાથાના ૫૪માં શ્લોકમાં કહ્યું છે કે નાશ પામવા યોગ્ય એવા ભાવોથી દૂર છે. એમાં 'ગુરુદેવે' એમ કહ્યું કે વિકારથી અતિ દૂર છે, સંવર-નિર્જરા-મોક્ષથી દૂર છે. એમ કહ્યું. આપે પણ પંડિતજી ઉપરના પત્રમાં લખ્યું હતું કે સમ્યગ્દર્શનને થોડું છેટું છે. ત્યારે પંડિતજીએ કહ્યું કે વેંત જેટલું છે? એમ ફરમાવ્યું. ત્યાર પછી અમારે લૌકિકની અંદર પણ કોઈ કાર્ય ન થાય તો કહે દિલ્હી ઘણું દૂર છે. અમને પણ એમ લાગે છે કે આમાં પુરુષાર્થ ઘણો માગે છે. એટલે લાખો યોજન સમ્યગ્દર્શન દૂર છે. પછી આ હાર્ટએટેક આવ્યો ત્યારે એમ કહે કે મોતથી તમને થોડું છેટું રહી ગયું. મોતને થોડુંક છેટું રહી ગયું. તો આવા બધા શાસ્ત્રમાં દૂર, 'ગુરુદેવ'ના પ્રવચનમાં અતિ દૂર, આપે પણ છેટું કહ્યું. તો આ બધાનું કાર્ય ક્ષેત્રની અપેક્ષાએ કે અન્ય અપેક્ષાએ શું છે? એ કૃપા કરીને સમજાવો.

ઉત્તર :- શેની અપેક્ષાએ?

પ્રશ્ન :- કાર્ય અપેક્ષાએ કે ક્ષેત્ર અપેક્ષાએ?

ઉત્તર :- પર્યાય દૂર છે એ તો અપેક્ષાએ કીધું છે. મનથી અને વાણીથી દૂર છે એ તો મન તો વિકલ્પાત્મક અને વાણી પણ વિકલ્પાત્મક. પણ અંતરની પર્યાયથી દૂર એટલે પર્યાય તો એક અંશ છે. પર્યાય તો પલટાય છે માટે દૂર કીધું. પરમાત્મતત્ત્વ મનથી, વાણીથી દૂર અને પર્યાયથી દૂર એટલે કે એ પર્યાય તો પલટાયા કરે છે. દ્રવ્ય તો એમને એમ શાશ્વત રહે છે માટે દૂર છે. પણ એનો અનુભવ તો એને થાય છે. માટે એ અપેક્ષાએ પર્યાય તો પોતાની છે. સ્વાનુભૂતિની પર્યાય પોતાની છે. માટે એનો અનુભવ એને થાય છે. એ પર્યાય તો એને આશ્રયે થાય છે. માટે એ કાંઈ દ્રવ્ય અને પર્યાય એવી રીતે જુદાં નથી. એનું વેદન એને થાય છે.

દૂર એટલે કે આખું શાશ્વત દ્રવ્ય છે એ શાશ્વત દ્રવ્યની અપેક્ષાએ પર્યાયને દૂર કીધી. એ દૂર કીધી એટલે કે કાંઈ એનું ક્ષેત્ર દૂર છે એમ નથી એનો કહેવાનો આશય. એનું ક્ષેત્ર દૂર એ ભાવની અપેક્ષાએ દૂર, એના સ્વભાવની અપેક્ષાએ દૂર. એટલે એનો આરોપ કરીને ક્ષેત્રથી દૂર એમ કહેવાય પણ એ વાસ્તવિક રીતે એનું ક્ષેત્ર, જેમ બે દ્રવ્યનું ક્ષેત્ર જુદું હોય એવી રીતે જુદું છે એવી રીતે દૂર નથી કીધું.

પરમાત્મતત્ત્વ દૂર છે, પર્યાયથી દૂર એટલે કે એની અનુભૂતિ તો થાય છે. પણ તું એક પર્યાયમાં રોકાય ગયો હોય, એક વર્તમાનની પર્યાય, તો એ પર્યાય પૂરતો કાંઈ આત્મા નથી. આત્મા તો એનાથી દૂર એટલે એ તો શાશ્વતો અનાદિઅનંત અનંત ગંભીરતાથી ભરેલો આત્મા (છે). એક આત્માને આશ્રયે અનંતી પર્યાયો થાય છે. એટલે એનાથી દૂર એમ કીધું. કાંઈ વાસ્તવિક રીતે એનું ક્ષેત્ર અત્યંત દૂર છે એવો આશય નથી એનો. એ

પરમાત્મતત્ત્વ તો કોઈ એનાથી દૂર છે, એની સ્વાનુભૂતિનું વેદન પોતાને થાય છે અને સ્વાનુભૂતિની પર્યાયો પલટાય છે માટે દૂર કીધું છે. બાકી ઓલું બધું કહેવાય છે એ તો બધું જુદું છે. હજી સમ્યગ્દર્શન દૂર છે અને હજી હાથથી દૂર છે અને એ બધું દૂર એ બધું જુદી અપેક્ષાએ અને આ પર્યાયની અપેક્ષાએ જુદી છે. મનથી, વાણીથી દૂર એ તો મન અને વાણી તો જડ છે. એને ભાવમનની અપેક્ષાએ કહો તોપણ એ બધી પર્યાયો ક્ષયોપશમભાવ છે. એટલે એમ પર્યાય અપેક્ષાએ કહેવાય. એટલે એ પર્યાયની અપેક્ષાએ દૂર દ્રવ્ય એ આમ ભાવ અપેક્ષાએ. અને એ ક્ષેત્ર અપેક્ષાએ ભાવનો આરોપ કરીને કહેવાય છે. બાકી વાસ્તવિક દૂર છે. બે દ્રવ્યના ક્ષેત્ર જુદાં હોય એવું નથી. ઓલી વાત જુદી છે.

દૂર એટલે કેટલાક કહે છે હજી સમ્યગ્દર્શનને કેટલું દૂર છે. પોતાને અનુભવમાં આવતું નથી, એના પોતાના ખ્યાલમાં નથી એટલે એને દૂર ભાસે છે. બાકી આત્મા તો પોતે જ છે, કાંઈ પોતે પોતાથી દૂર નથી. પોતે જો પુરુષાર્થ કરે તો પોતાની સમીપ જ છે, એ કાંઈ દૂર નથી. પણ એને પ્રગટ નથી થયો એટલે દૂર લાગે. ઓલું તો આટલું દૂર.. આટલું દૂર... એ તો ભાવનાના જોરમાં કહેવાતું હતું. એનું કાંઈ માપ થોડું છે? ભાવોની ઉગ્રતાને લઈને કહેવાતું હતું. એ ભાવનાનું, પુરુષાર્થનું બળ એવી જાતનું અંદરથી આવતું હતું એટલે આટલું દૂર છે, હવે આટલું દૂર છે એ તો પુરુષાર્થના જોરમાં, ભાવનાના જોરમાં કહેવાતું હતું. એ કાંઈ અંદર એનું માપ થોડું છે? એ તો પુરુષાર્થના બળમાં કહેવાતું હતું. ઓલું દૂર કહેવાય, વેદના થાય એ બધું દૂર એ વળી જુદી વાત છે. એ વાત જુદી છે.

પ્રશ્ન :– એ તો પરદ્રવ્યની વાત છે.

ઉત્તર :– એ પરદ્રવ્યની વાત છે. એ તો અપેક્ષાએ પોતે પોતાના ભાવથી કહે છે. આ અપેક્ષા પર્યાયની– દ્રવ્યની અપેક્ષા જુદી છે. ઓલું તો ભાવનામાં કહેવાય આટલું દૂર.. આટલું દૂર.. અને કેટલાકને કાંઈ થાતું ન હોય, પુરુષાર્થ ઊપડતો ન હોય એટલે જાણે સમ્યગ્દર્શન કેટલુંય દૂર પડ્યું છે એમ એને લાગે છે. એ તો એને કાંઈ થાતું ન હોય એટલે એમ લાગે. 'દોડત દોડત દોડત દોડીયો જે–તે મનની દોડ, પ્રેમ પ્રતીત વિચારો ઢૂંકડી ગુરુગમ લેજો રે જોડે' આવે છે. એ ઢૂંકડું જ છે. દૂર નથી પણ દૂર દોડત.. દોડત... દોડત... દોડીયો. જેટલું દોડાય એટલું બહાર દોડ્યો. એટલે દૂર–દૂર લાગે છે. દૂર નથી પોતાની નજીક જ છે, પોતે જ છે. દૂર નથી. સમીપ જ છે.

પ્રશ્ન :– બહાર દોડ્યા કરે છે એટલે એને દૂર?

ઉત્તર :– એટલે દૂર લાગે છે. મન બહાર દોડે. બહાર જોવા જાય છે. એ બહારથી જાણે મળે છે. બહારથી નથી મળતું, અંદર જ છે, તું પોતે જ છો.

પ્રશ્ન :– જ્યાં જે અપેક્ષા હોય ત્યાં..

ઉત્તર :– ત્યાં તે અપેક્ષા સમજવાની હોય છે.

પ્રશ્ન :– એવા પ્રશ્નો તો ઘણા ઉઠ્યા કરે છે. પણ તેનું સમાધાન ગુરુ પાસે મળે તોપણ પુરુષાર્થ ઉપાડતો નથી.

ઉત્તર :– સમાધાન ગુરુ આગળ મળે પણ પુરુષાર્થ ઉપાડવાનો પોતે રહે છે. સ્વતંત્ર દ્રવ્ય છે. કોઈ કરી દેતું નથી.

પ્રશ્ન :– તો આ જે પ્રશ્ન જે કરે છે તેમાં શું માયાચારી છે તેને?

ઉત્તર :– માયાચારી તો નથી પણ એને પુરુષાર્થ ઊપડતો નથી એટલે પ્રશ્ન ઊઠે છે. આમ પૂછું તો કાંઈક સમાધાન થાય, આમ કરું તો થાય. પણ એને ઊપડતું નથી એટલે પ્રશ્ન ઉઠ્યા કરે છે. જાણવાની ઈચ્છા થયા કરે છે. આમ જાણવાથી કાંઈ સમાધાન થાય. પણ અંદર તો કરવાનું પોતાને જ રહે છે. પોતાને કોઈ કરી દેતું નથી. ગુરુ કરી દેતા નથી, ભગવાન કરી દેતા નથી, કરવાનું પોતાને રહે છે.

ભગવાન તારણહાર કહેવાય. ભગવાનની વાણી છૂટી. કેટલાયને તારે એવી એમની વાણી હોય. તોપણ

જે પુરુષાર્થ કરે તે તરે છે. એમની વાણીમાં નિમિત્ત જોરદાર છે. પુરુષાર્થ કરે તે તરે. 'ગુરુદેવ'ની વાણી જોરદાર હતી. જે પુરુષાર્થ કરે તે તરે.

પ્રશ્ન :- માતાજી એક પ્રશ્ન છે. 'ગુરુદેવના વચનામૃત'નો છે. આખા સિદ્ધાંતનો સારમાં સાર તો બહિર્મુખતા છોડી અંતર્મુખ થવું તે છે. પછી કહે છે કે જ્ઞાનીના એક વચનમાં અનંતી ગંભીરતા ભરી છે. અનંતી ગંભીરતા. ગંભીરતા અને અનંતી એ કેવી રીતે?

ઉત્તર :- એને કહેવાનું ચારે પડખેથી રહસ્યો કહેવાના હોય છે. એક વચનમાં ગંભીરતા. એકમાં આત્માનું સ્વરૂપ, મોક્ષનો માર્ગ, દ્રવ્ય અને પર્યાયનું સ્વરૂપ, કેટલી જાતની અપેક્ષાઓ કહેવાની હોય એ બધી એક વાત કરે એની પાછળ એના આશય ઊંડાં હોય છે. અનંતી ગંભીરતા. આત્મા અનંત ગંભીરતાથી ભરેલો છે. એ ગંભીરતાથી ભરેલો એટલે એને કહેવાનું જે વચન આવે એ વચનમાં પણ ગંભીરતા છે.

પ્રશ્ન :- વિષયના વાચક ઉપર..

ઉત્તર :- એમાં પણ ગંભીરતા છે. જે પોતાને જાણ્યું છે એ જાણીને જે વચન આવે એ વચનમાં પણ ગંભીરતા છે. પોતે એક પડખાથી સમજી લે તો એમ નથી હોતું. એમાં ગંભીરતા હોય છે. એમાં ચારે પડખાનું કહેવાનું હોય છે. અનંત રહસ્ય ભરેલું હોય છે.

પ્રશ્ન :- જે અહીંયાં કહ્યુંને કે બહિર્મુખતા છોડી અંતર્મુખ થવું. એ જ આખા સિદ્ધાંતનો સાર છે.

ઉત્તર :- બહિર્મુખ, તારો ઉપયોગ બહિર્મુખતાથી અંતર્મુખ થઈ જા. બધો સિદ્ધાંતનો સાર છે. અંતરમાં તું ચાલ્યો જા, બસ એ કહેવાનું છે. બહાર તારી દૃષ્ટિ, બહાર તારો ઉપયોગ, બધું બહારને બહાર છે એ બહારનું છોડીને અંતરમાં ચાલ્યો જા. અંતર્મુખ થઈ જા. આત્માને ગ્રહણ કરીને તું અંતરમાં ચાલ્યો જા એમ કહેવું છે. આત્માને ગ્રહણ કર, આત્માની શ્રદ્ધા કર, આત્માનું જ્ઞાન કર, આત્મામાં લીનતા કર. બધું તારા સ્વ તરફ ચાલ્યો જા. તારી દૃષ્ટિ પર તરફ છે. એને લઈને બધી તારી દિશા બહાર છે એ બધું બહાર આવે છે. એક અંતરમાં ચાલ્યો જા, અંતર્મુખ થઈ જા તો આ બધું અંતરમાં થઈ જશે. સર્વગુણાંશ તે સમ્યગ્દર્શન. બધા ગુણોના અંશ એમાં પ્રગટ થાય. એક દૃષ્ટિ પોતા તરફ ગઈ સમ્યગ્દર્શન થયું (તો) બધા સર્વગુણાંશ સમ્યક્—બધા ગુણોના અંશ અમુક પ્રકારે બધા પ્રગટી જાય છે. એટલે બધું અંતર્મુખ થઈ જાય છે. એક તારા તરફ વળો જા, બધું અંતર્મુખ છે. સિદ્ધાંતનો સાર એ જ છે. બહારનું બધું છોડી દે. અંતરમાં ચાલ્યો જા. તારે જાણવાનું આત્મામાં, તારે શ્રદ્ધા કરવાની આત્મામાં, તારે લીનતા કરવાની આત્મામાં. બધું તારે આત્મામાં, તારે આશ્ચર્ય પામવાનું આત્મામાં. બધું આત્મામાં. બધા કાર્યો તારે આત્મામાં કરવાના, બહારનું બધું છોડી દે.

પ્રશ્ન :- એ એક જ અઘરું લાગે છે.

ઉત્તર :- કહેવાય ટૂંકાંમાં પણ એ જ એને અઘરું થઈ પડ્યું છે. બહાર જ બધો ચાલ્યો ગયો છે.

પ્રશ્ન :- પ્રદેશત્વ ગુણમાં શું સર્વગુણાંશ સમ્યક્ત્વ? પ્રદેશત્વ ગુણમાં શું?

ઉત્તર :- જે થવા યોગ્ય હોય એ બધા ગુણ પોતા તરફ આવી જાય છે. એ બધા પ્રશ્નો તર્કના છે.

***

ધર્મજના સવિગત પત્રની કોઈ કોઈ બાબત વિષે વિગત સહિત જણાવત, પણ ચિત્ત લખવામાં રહેતું નથી, એટલે જણાવી નથી.

ત્રિભુવનાદિકની ઈચ્છાને અનુસરી આણંદ સમાગમ જોગ થાય એમ કરવા ઈચ્છા છે; અને ત્યારે તે પત્ર સંબંધી કંઈ પૂછવું હોય તે પૂછજો.

ધર્મજમાં જેમનો નિવાસ છે એવા એ મુમુક્ષુઓની દશા અને પ્રથા તમને સ્મરણમાં રાખવા યોગ્ય છે, અનુસરવા યોગ્ય છે.

મગનલાલ અને ત્રિભુવનના પિતાજી કેવી પ્રવૃત્તિમાં છે તે લખવું, આ પત્ર લખતાં સૂઝતાં લખ્યું છે.

તમે બધા કેવી પ્રવૃત્તિમાં પરમાર્થ વિષયે રહો છો તે લખશો.

તમારી ઈચ્છા અમારાં વચનાદિક માટે હોઈ પત્ર ઈચ્છતી હશે, પણ ઉપર જણાવ્યાં છે જે કારણો તે વાંચી તમે ઘણા પત્ર વાંચ્યા છે એમ ગણજો.

એક કોઈ નહીં જણાવેલા પ્રસંગ વિષે વિગતથી પત્ર લખવાની ઈચ્છા હતી, તેનો પણ નિરોધ કરવો પડ્યો છે. તે પ્રસંગ ગાંભીર્યવશાત્ આટલાં વર્ષ સુધી હૃદયમાં જ રાખ્યો છે. હવે જાણીએ છીએ કે કહીએ, તથાપિ તમારી સત્સંગતિએ આવ્યે, કહીએ તો કહીએ. લખવાનું બને તેમ નથી લાગતું.

એક સમય પણ વિરહ નહીં, એવી રીતે સત્સંગમાં જ રહેવાનું ઈચ્છીએ છીએ. પણ તે તો હરિઈચ્છાવશ છે.

કળિયુગમાં સત્સંગની પરમ હાનિ થઈ ગઈ છે. અંધકાર વ્યાપ્ત છે. અને સત્સંગનું જે અપૂર્વપણું તેનું જીવને યથાર્થ ભાન થતું નથી.


***


## પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો You tube ઉપર

પરમ ઉપકારી પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રકાશિત પુસ્તકોના પ્રવચનો You tube ઉપર હવે ગુજરાતી તથા હિન્દી Subtitle સાથે જુઓ. You tube માં Satshrut prabhavna channel પર જઈ આ પ્રવચનો સાંભળી શકો છે. હવે પછી રાજ-હૃદય, કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી ગ્રંથ ઉપર પ્રકાશિત થયેલા પ્રવચનોનો પ્રારંભ કરવામાં આવશે. દર રવિવારે સવારે ૧૧ વાગે આ પ્રવચનો Live પ્રસારણ કરવામાં આવે છે જેનો લાભ લેવા સર્વ મુમુક્ષુઓને વિનંતી. Channel ને Subscribe કરવાથી આગામી પ્રસારિત પ્રવચનોનું તમને અગાઉથી Notification મળી જશે.



**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (ફેબ્રુઆરી–૨૦૨૨)નું શુલ્ક ... તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**




**પત્રાંક - ૨૮૭**

**વવાણિયા, આસો વદ ૧, રવિ, ૧૯૪૭**

પૂર્વાપર અવિરુદ્ધ એવું જે ભગવત્‌સંબંધી જ્ઞાન તે પ્રગટ કરવા જ્યાં સુધી તેની ઈચ્છા નથી, ત્યાં સુધી વધારે પ્રસંગ કોઈથી પાડવામાં નથી આવતો તે જાણો છો.

અભિન્ન એવું હરિપદ જ્યાં સુધી અમે અમારામાં નહીં માનીએ ત્યાં સુધી પ્રગટ માર્ગ કહીશું નહીં. તમે પણ જેઓ અમને જાણે છે, તે સિવાય અધિકને નામ, ઠામ, ગામથી અમને જણાવશો નહીં.

એકથી અનંત છે; અનંત છે તે એક છે.

***

**પત્રાંક - ૨૮૮**

**વવાણિયા, આસો વદ ૫, ૧૯૪૭**

આદિપુરુષ રમત માંડીને બેઠો છે.

નવા જૂનું તો એક આત્મવૃત્તિ સિવાય અમારે ક્યાં છે? અને તે લખવા જેટલો મનને અવકાશ પણ ક્યાં છે? નહીં તો બધુંય નવું છે, અને બધુંય જીર્ણ છે.

***

**પત્રાંક-૨૮૯**

**વવાણિયા, આસો વદ ૧૦, સોમ, ૧૯૪૭**

પરમાર્થવિષયે મનુષ્યોનો પત્રવ્યવહાર વધારે ચાલે છે; અને અમને તે અનુકૂળ આવતો નથી. જેથી ઘણા ઉત્તર તો લખવામાં જ આવતા નથી; એવી હરિઈચ્છા છે; અને અમને એ વાત પ્રિય પણ છે.

***

**પત્રાંક-૨૯૦**

એક દશાએ વર્તન છે, અને એ દશા હજુ ઘણો વખત રહેશે. ત્યાં સુધી ઉદયાનુસાર પ્રવર્તન યોગ્ય જાણ્યું છે, માટે કોઈ પણ પ્રસંગે પત્રાદિની પહોંચ મળતાં વિલંબ થાય અથવા ન મોકલાય, અથવા કંઈ ન જણાવી શકાય તો તે શોચ કરવા યોગ્ય નથી, એમ દૃઢ કરીને અત્રેનો પત્રપ્રસંગ રાખજો.

***

**પત્રાંક-૨૯૧**

**વવાણિયા, આસો વદ ૧૨, ગુરુ, ૧૯૪૭**

ૐ

**પૂર્ણકામ ચિત્તને નમોનમઃ**

આત્મા બ્રહ્મ સમાધિમાં છે. મન વનમાં છે. એકબીજાના આભાસે અનુક્રમે દેહ કંઈ ક્રિયા કરે છે, ત્યાં સવિગત અને સંતોષરૂપ એવાં તમારાં બન્નેનાં પત્રનો ઉત્તર શાથી લખવો તે તમે કહો.